ઈ-મેઇલ મેસેજ


પ્રતિ :- ડાયરેકટરશ્રી, ગુજરાત ઇન્ફોર્મેટીક્સ લી.,ગાંધીનગર (gujinfo.gog@gmail.com )

જાણ :- (૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર

(૨) અધિક પોલીસ મહાનિદેશક અને કમિશ્નરશ્રી તકનીકી સેવા, ગુ.રા., ગાંધીનગર (gswan-conn@gujarat.gov.in)

(૩) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, જૂનાગઢ વિભાગ, જૂનાગઢ

પ્રેષક :- પોલીસ અધિક્ષક, પોરબંદર.


**નંબર** :- કોમ્પ્યુટર/વેબસાઇટ અપલોડ/૭૩/૨૦૨૩, તા.૦૬/૦૩/૨૦૨૩

વિગત :-

સવિનય આપશ્રીની કચેરીના જીસ્વાન મેસેજ નં. જી૧(ક્રાઇમ)/ટે-૨/સારી કામગીરી/૧૭૮૧/૨૦૧૨, તા.૧૭/૦૫/૨૦૧૨ તથા ગૃહ વિભાગ ગાંધીનગરના નં. આઇટી/ ૧૦૨૦૧૧/૩૦/આઇટી સેલ/૨૦૧૨ તા.૧૨/૦૭/૨૦૧૨ અન્વયે પોરબંદર જીલ્લાની અઠવાડીક **તા.૨૭/૦૨/૨૦૨૩ થી તા.૦૫/૦૩/૨૦૨૩** સુધીની સારી કામગીરીની મુદ્દા નંબર ૧ થી ૬ ની માહિતી નીચે મુજબ છે.

**મુદ્દા નંબર ૨:- શાળા કોલેજમાં ચર્ચ/ડીબેટ/અથવા તો અવેરનેશ પ્રોગ્રામ ચલાવવામાં આવ્યાં હોય** :-

(૧) તા.૨૭/૦૨/૨૦૨૩ ના રોજ રાણાકંડોરણા પે.સેન્ટર કન્યા શાળામાં વિદ્યાર્થીઓને સાયબર ક્રાઇમને લગતા તેમજ મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતીના બનાવ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ. PI શ્રી આર.એમ.રાઠોડ સાહેબ તથા PSI એસ.કે.જાડેજા સાહેબ તેમજ બે પોલીસ કર્મચારી હાજર રહ્યા હતા.

(૨) તા.૨૮/૦૨/૨૦૨૩ ના રોજ એમ.કે.ગાંધી અંગ્રેજી માધ્યમ શાળામા વિજ્ઞાન મેળો યોજાયેલ હતો જેમા મહિલા પોલીસ સ્ટેશનનો સ્ટાફ હાજર રહેલ.

(૩) તા.૦૩/૦૩/૨૦૨૩ ના રોજ ચમ સ્કૂલમાં વિદ્યાર્થીઓને સાયબર ક્રાઇમને લગતા તેમજ મહિલાઓને ઘરેલુ હિંસા, છેડતીના બનાવ વિશે સમજ કરવામા આવેલ તેમજ મહિલા અભયમ હેલ્પ લાઇન નં ૧૮૧ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ. જેમા મહિલા પોલીસ સ્ટેશનના બે પોલીસ કર્મચારી હાજર રહેલ.

(૪) તા.૦૧/૦૩/૨૦૨૩ ના રોજ ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફ દ્વારા દ્વારા સુરક્ષા સેતુ અંતર્ગત જવાહર નવોદય વિદ્યાલય મા SPC ના બાળકોને પી.ટી. તેમજ પરેડ કરાવવામા આવેલ

મુદ્દા નંબર ૫:- વૃધ્ધો મહીલાઓ કે બાળકોની સુરક્ષા માટેની વિશિષ્ટ કામગીરીઃ-

(૧) તા૦૧/૦૩/૨૦૨૩ ના રોજ હાર્બર પોલીસ સ્ટેશન વિસ્તારના કુછડીગામ તથા વાડી વિસ્તારમા રહેતા સીનીયર સિટીઝનોને માર્ગદર્શન આપવામા આવ્યુ તેમજ ૧૦૦ નંબર પર તથા મહિલા અભિયમ હેલ્પ લાઇન નં ૧૮૧ વિશે માહિતગાર કરી જરૂરી માર્ગદર્શન આપવામા આવેલ.

(૨) તા.૦૪/૦૩/૨૦૨૩ ના રોજ ૧૮૧ ની ટીમ સાથે જીલ્લા પંચાયત પોરબંદર ખાતે મહિલાઓને ઘરેલુ હિંસા,છેડતી વગેરે બબતોની જાગૃતતા લાવવાં માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં મહિલા પોલીસ સ્ટેશનનાં PI શ્રી આર.એમ.રાઠોડ સાહેબ, PSI કે.એમ.સૈયાદ સાહેબ તથા સાયબર પોલીસ સ્ટેશનનાં PSI શ્રી એસ.કે.જાડેજા સાહેબ હાજર રહ્યા હતા.


( ઋતુ રાબા )
ના.પો.અધિ.મુ.મ. અને
નોડલ ઓફીસર eGujcop
પોરબંદર